પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૨૬ | ૮ ફેબ્રુઆરી, ૨૦૨૨, મંગળવાર; મહા સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# મોંઘવારી મુદ્દે સરકાર સંવેદનશીલ : મોદી

## મોંઘવારી માટે કોંગ્રેસને વાત કરવાનો અધિકાર નથી : કોંગ્રેસના વિચાર અને વલણ પરથી એમ લાગે છે કે, ૧૦૦ વર્ષ સુધી સત્તા મેળવવાની ઈચ્છા નથી : રાષ્ટ્રપતિના પ્રવચન પરનો આભાર પ્રસ્તાવ પરની ચર્ચાનો જવાબ આપતા પ્રધાનમંત્રી

નવી દિલ્હી, તા.૭

આજે સંસદમાં રાષ્ટ્રપતિના પ્રવચન પર આભાર પ્રસ્તાવમાં જવાબ આપતા પ્રધાનમંત્રીએ સરકારની સિદ્ધિઓની સાથે સાથે કોંગ્રેસ અને વિપક્ષો પર આકરા પ્રહારો કર્યા હતા. કોંગ્રેસના નેતૃત્વવાળી યુપીએ સરકારમાં તેમના શાસનકાળના ૧૦ વર્ષમાં મોંઘવારીનો આંક ૧૦થી ઉપર રહ્યો છે. જ્યારે છેલ્લા ૭ વર્ષથી એટલે કે ૨૦૧૪થી આજ સુધી મોંઘવારીનો આંક ૫ થી ૭ની વચ્ચે રહ્યો છે. એટલે કોંગ્રેસે મોંઘવારીના મુદ્દે વિરોધ કરવાનો અધિકાર ગુમાવી દીધો છે. અને એટલે જ ૪૪ના આંકડા પર કોંગ્રેસ સિમિત રહી છે. ભાજપ સરકારે ૨૦૧૪થી કરેલા વિકાસના કામો કોંગ્રેસને દેખાતા ન હોય એમા વાંક ભાજપનો નથી, કોંગ્રેસનો છે.

૮૦ કરોડ ગરીબોને છેલ્લા ૨૩ મહિનાથી મફત રાશન અપાય છે. કદાચ દુનિયાના કોઈ દેશમાં આટલા મોટા સમુહને બે વર્ષના જેવા સમયગાળા સુધી મફત રાશન આપવાની પ્રક્રિયા થઈ હોય એવું જાણમાં પણ નથી. અને એટલા માટે જ કહેવાય છે કે, આ સરકારે કોઈને ભૂખે મરવા દીધા નથી. કોરોનાના કપરા કાળમાં ગરીબ

● અનુસંધાન પાન-૭ પર

## અરૂણાચલમાં હિમસ્ખલન થતાં સેનાના ૭ જવાનો દટાયા

અરૂણાચલ પ્રદેશના કામેંગ સેક્ટરથી એક મોટી ઘટના સામે આવી છે. કામેંગ સેક્ટરના ઉંચાઈવાળા ક્ષેત્રમાં હિમસ્ખલન થવાના કારણે ભારતીય સેનાના ૭ જવાનો દટાઈ ગયા છે. ભારતીય સેનાના કહેવા પ્રમાણે હિમસ્ખલનની લપેટમાં આવેલા સેનાના પેટ્રોલિંગ જૂથને બચાવવા માટે બચાવ અભિયાન ચાલી રહ્યું છે. બચાવ કાર્યોમાં સહાયતા માટે વિશેષ ટીમોને એરલિફ્ટ કરવામાં આવી છે. છેલ્લા કેટલાક દિવસથી ભારે બરફવર્ષાના કારણે ક્ષેત્રનું હવામાન ખૂબ જ ખરાબ છે.

## ઉત્તર પ્રદેશમાં ભાજપ અને પંજાબમાં આપ સરકાર બનાવશે : સર્વે

**સીવોટર સર્વે મુજબ ઉત્તરાખંડમાં ભાજપ-કોંગ્રેસ વચ્ચે કશ્મકશ અને મણીપુર-ગોવામાં ત્રિશંકુ વિધાનસભાનું અનુમાન**

નવી દિલ્હી, તા. ૭

એબીપી ન્યુઝ ચેનલ દ્વારા સી-વોટરના માધ્યમથી પાંચ રાજ્યોની ચૂંટણી સંદર્ભે કરાયેલ ફાઈનલ ઓપીનીયનમાં ઉત્તરપ્રદેશમાં ભાજપની યોગી સરકાર ભારે બહમતી સાથે ફરી સત્તાના સુકાન સંભાળશે. જ્યારે પંજાબમાં કોંગ્રેસની જૂથબંધને કારણે આમ આદમી પાર્ટીનો જ્વલંત ઉદય થઈ રહ્યો છે. આમ આદમી પાર્ટી પંજાબમાં સરકાર બનાવી શકે એવું અનુમાન સી-વોટર સર્વેનું છે. જ્યારે ઉત્તરાખંડમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે કશ્મકશ જંગ ખેલાઈ રહ્યો છે. જ્યારે ગોવા-મણીપુરમાં ત્રિશંકુ વિધાનસભાની આગાહી છે.

## સેન્સેક્સ ૧૦૨૪ પોઈન્ટ તૂટ્યો

મુંબઈ, તા.૭

સપ્તાહના પ્રથમ ટ્રેડિંગ દિવસે સોમવારે શેરબજારમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો. ૩૦ પોઈન્ટનો ઈન્ડેક્સ બીએસઈ સેન્સેક્સ ૧૦૦૦થી વધુ પોઈન્ટના ઘટાડા સાથે બંધ થયો હતો જ્યારે નિફ્ટીપ૦ ૩૦૦થી વધુ પોઈન્ટના ઘટાડા સાથે બંધ થયો હતો. બીએસઈ સેન્સેક્સ સવારે ૫૮,૫૪૯.૬૭ પર ખુલ્યો હતો, જે તેના અગાઉના ૫૮,૬૪૪.૮૨ પોઈન્ટના બંધ કરતાં નીચો હતો.

દિવસ દરમિયાન સેન્સેક્સ ૫૮,૭૦૭.૭૬ની સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યો હતો પરંતુ તે લાભ ચાલુ રાખી શક્યો ન હતો. સોમવારે સેન્સેક્સ ૧૦૨૩.૬૩ પોઈન્ટ અથવા ૧.૭૫% ઘટીને ૫૭,૬૨૧.૧૯ પર બંધ થયો હતો. આ સમય દરમિયાન માત્ર પાવરગ્રીડ, એનટીપીસી, ટાટા સ્ટીલ, એસબીઆઈએન અને અલ્ટ્રાસેમકો લીલી નિશાનીમાં ટ્રેડ થઈ રહ્યા હતા જ્યારે અન્ય તમામ લાલ નિશાનીમાં જોવા મળ્યા હતા.

બીજી તરફ, એનએસઈનો નિફ્ટી સવારે ૧૭,૪૫૬.૩૦ પર ખુલ્યો હતો અને દિવસના સર્વોચ્ચ ૧૭,૫૩૬.૭૫ પર ગયો હતો, પરંતુ તે પણ આ વૃદ્ધિ લાંબા સમય સુધી ચાલુ રાખી શક્યો ન હતો અને અંતે ૩૦૨.૭૦ પોઈન્ટ અથવા ૧.૭૩ ટકા ઘટીને ૧૭,૨૧૩.૬૦ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો.

## ભારતમાં સિંગલ ડોઝ વાળી સ્પૂતનિક લાઈટ વેક્સિન લાગશે

**કોરોના સામેની જંગમાં વધુ એક હથિયાર તૈયાર : DGCI તરફથી સ્પૂતનિક લાઇટને મંજૂરી મળ્યા બાદ ભારતમાં ઉપયોગમાં લેવાની મંજૂરી મેળવવાની**

નવી દિલ્હી,તા.૭

કોરોના વાયરસ વિરુદ્ધ જાહેર યુદ્ધમાં તેજીથી વેક્સીનેશન અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે આ વચ્ચે એક વધુ નવું હથિયાર મળી ગયું. ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાએ સિંગલ ડોઝ વાળી સ્પૂતનિક લાઈટ વેક્સીનને ઉપયોગમાં લેવા માટે મંજૂરી આપી દેવામાં આવી છે.

DGCI તરફથી સ્પૂતનિક લાઈટને મંજૂરી મળ્યા બાદ હવે ભારતમાં ઉપયોગમાં લેવાની મંજૂરી મેળવવાની વેક્સીનની સંખ્યા નવ સુધી પહોંચી ગઈ છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ રવિવારે ટ્વીટ કરને જાણકારી આપી છે કે, DGCI તરફથી ભારતમાં ઈમરજન્સી ઉપયોગમાં લેવા માટે સ્પૂતનિક લાઈટ કોવિડ-૧૯ વેક્સીનને મંજૂરી આપી દીધી છે. તેમણે જણાવ્યું કે, તે દેશમાં નવમી કોવિડ ૧૯ વેક્સીન છે. અને તેને મહામારી વિરુદ્ધ જાહેર યુદ્ધને વધુ મજબૂતી મળશે.

આપને જણાવી દઈએ કે, બે દિવસ પહેલાં જ ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાની સબ્જેક્ટ એક્સપર્ટે બે દિવસ પહેલાં જ સિંગલ ડોઝ વાળી વેક્સીનને દેશમાં ઉપયોગમાં લેવાની રજૂઆત કરી હતી. આ વેક્સીનની સૌથી ખાસ વાત એ છે કે, તેનો એક સિંગલ ડોઝ લગાવ્યાં બાદ બીજા ડોઝની જરૂર નથી. હવે દેશમાં ઉપયોગમાં લેવામાં આવતી તમામ વેક્સીન ડબલ ડોઝ વાળી છે.

## યુરોપમાં કોરોના સંક્રમણ ખતમ થવાના આરે : ડબલ્યૂએચઓ

**ડબલ્યૂએચઓના યુરોપ કાર્યાલયના ડાયરેક્ટરે જાણકારી આપી : કોરોના વાયરસથી થનારા મોતનો ગ્રાફ પણ હવે ઘણો ઓછો થઈ રહ્યો છે વેક્સિન ગરમી અને ઓમિક્રોનની ઓછી ગંભીરતા સકારાત્મક પાસુ**

જીનિવા, તા.૭

યુરોપીય દેશોમાં કોરોના વાયરસ મહામારી પોતાના અંતિમ તબક્કામાં આવી ગઈ છે. ડબલ્યૂએચઓના યુરોપ કાર્યાલયના ડાયરેક્ટરે આ જાણકારી આપી. તેમનુ કહેવુ છે કે યુરોપ હવે કોરોના મહામારી સામે નિર્ણાયક જંગ જીતવાની નજીક પહોંચી રહ્યો છે. આ વાયરસથી થનારા મોતનો ગ્રાફ હવે ઘણો ઓછો થઈ રહ્યો છે.

ડબલ્યૂએચઓના યુરોપ ઓફિસના ડાયરેક્ટરે કહ્યુ, યુરોપીય દેશોની નજીક એકમાત્ર એવો અવસર છે અને ત્રણ એવા કારક છે, જેના કારણે કોરોના મહામારી સામે નિર્ણાયક જીત મેળવી શકાય છે. જો તમામ પગલા ઉઠાવવામાં આવે તો કોવિડ મહામારીને નિયંત્રિત કરી શકાય છે. તેમણે કહ્યુ, પહેલુ કારક છે, વેક્સિનેશનના કારણે કે લોકોના સંક્રમિત થવાના કારણે ઘણા વધારે લોકોમાં ઈમ્યુનિટી આવવી. બીજુ ફેક્ટર છે, ગરમીના મોસમમાં વાયરસના સંક્રમણ ફેલાવવાની ક્ષમતામાં ઘટાડો આવવો. ત્રીજુ ફેક્ટર છે ઓમિક્રોન વેરિઅન્ટના કારણે લોકોનુ ઓછુ ગંભીર બીમાર પડવુ. યુરોપીય દેશોમાં આવનાર અઠવાડિયામાં ઠંડી ઓછી થવાની છે. ધીરે-ધીરે ગરમીનો મોસમ શરૂ થવાનો છે. યુરોપના મોટાભાગના વિસ્તારમાં આગામી અઠવાડિયામાં ઠંડી ઓછી થઈ શકે છે. ડબલ્યૂએચઓના યુરોપના ડાયરેક્ટરે કહ્યુ, આગામી કેટલાક મહિનામાં આપણને કોવિડ મહામારીથી એક બ્રેક મળી શકે છે. લાંબા સમયગાળા દરમિયાન કોવિડ મહામારીનો ફરીથી પ્રસાર જોવાની સંભાવના ઘણી ઓછી

● અનુસંધાન પાન-૭ પર

## કેસ ઘટ્યા : દેશમાં ૮૩ હજાર ૮૭૬ નવા કેસ

નવી દિલ્હી,તા.૭

દેશમાં હવે કોરોનાની ઝડપ ઘટી ગઈ છે. આજે કોરોનાના નવા કેસ એક લાખથી ઓછા આવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના ૮૩ હજાર ૮૭૬ નવા કેસ સામે આવ્યા છે, જો કે આ દરમિયાન ૮૯૫ લોકોના મોત થયા છે. જ્યારે ૧ લાખ ૯૯ હજાર ૫૪ લોકો સાજા થયા છે. આ સાથે, કોરોનાની સકારાત્મકતા દર હવે ઘટીને ૭.૨૫ ટકા પર આવી ગયો છે. કોરોનાના નવા કેસ સામે આવ્યા બાદ હવે દેશમાં કુલ એક્ટિવ દર્દીઓની સંખ્યા વધીને ૧૧ લાખ ૮ હજાર ૯૩૮ થઈ ગઈ છે, જ્યારે આ મહામારીને કારણે દેશમાં અત્યાર સુધીમાં કુલ ૫ લાખ ૨ હજાર ૮૭૪ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે.

એક તરફ જ્યાં કોરોનાના નવા કેસોમાં ઘટાડો જોવા મળી રહ્યો છે તો બીજી તરફ અત્યાર સુધીમાં ૧૬૯ કરોડનું રસીકરણ કરવામાં આવ્યું છે. શનિવારે કોરોના ચેપના ૧ લાખ ૦૭ હજાર ૪૭૪ નવા કેસ નોંધાયા હતા અને ૮૬૫ લોકોના મોત થયા છે. એટલે કે નવા કેસોમાં લગભગ ૨૪,૦૦૦નો ઘટાડો થયો છે. હાલમાં દેશમાં કુલ એક્ટિવ કેસ એટલે કે સારવાર લઈ રહેલા દર્દીઓની સંખ્યા ઘટીને ૧૧.૦૧ લાખ થઈ ગઈ છે.

## કોરોના વેક્સિન લેવા માટે આધાર કાર્ડ ફરજિયાત નથી

નવી દિલ્હી, તા.૭

કોરોના વેક્સિનેશન માટે માત્ર આધાર કાર્ડ જ બતાવવું જરૂરી નથી. વેક્સિનેશન માટે કોવિન પોર્ટલ પર આધાર કાર્ડ સહિત ૯ પ્રકારના ઓળખ પત્ર વડે નોંધણી કરાવી શકાય છે. કેન્દ્ર સરકારે સોમવારે સુપ્રીમ કોર્ટ સમક્ષ આ વાત રજૂ કરી હતી. હકીકતે કોરોના વેક્સિનેશન માટે માત્ર આધારને જ ઓળખ પત્ર માનવાને પડકારતી અરજીનું સુપ્રીમ કોર્ટમાં સમાધાન કરવામાં આવ્યું હતું.પરિવાર કલ્યાણ મંત્રાલય તરફથી ન્યાયમૂર્તિ ડી વાઈ ચંદ્રચૂડ અને ન્યાયમૂર્તિ સૂર્યકાંતની પીઠને જણાવવામાં આવ્યું કે, વેક્સિનેશન નોંધણી માટે પાસપોર્ટ, ડ્રાઈવિંગ લાઈસન્સ, પાન કાર્ડ, ઈલેક્શન કાર્ડ, રેશન કાર્ડ સહિતના ૯ ઓળખના પુરાવાઓમાંથી કોઈ પણ એકનો ઉપયોગ કરી શકાય છે. સુપ્રીમ કોર્ટે સરકારની દલીલ માનતા કહ્યું કે,

● અનુસંધાન પાન-૭ પર

## જેએનયુના નવા વીસી તરીકે શાંતિશ્રી ધૂલિપૂડી

નવી દિલ્હી, તા.૭

જવાહર લાલ યુનિવર્સિટીના પહેલા મહિલા વાઈસ ચાન્સેલર તરીકે પ્રોફેસર શાંતિશ્રી ધૂલિપુડીની નિમણુંક કરાઈ છે. શાંતિશ્રી ધૂલિપુડી અત્યાર સુધી સાવિત્રીબાઈ ફુલે પુણે યુનિવર્સિટીના પ્રોફેસર હતા. અત્યાર સુધી પ્રોફેસર એમ. જગદીશ કુમાર જેએનયુના વાઈસ ચાન્સેલર હતા.

## હું ગુસ્સામાં કંઈ કહી દઉં તો તે હિન્દુત્વ નથી : મોહન ભાગવત

નાગપુર,તા.૭

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પ્રમુખ મોહન ભાગવતે ધર્મ સંસદમાં કથિત રીતે કરાયેલી હિન્દુત્વની વાતો પર અસહમતિ વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે ધર્મ સંસદમાં અપાયેલા નિવેદનો હિન્દુઓના શબ્દ ન હતા અને હિન્દુત્વનું પાલન કરનારા લોકો ક્યારેય તેની સાથે સહમત હોઈ શકે નહીં. એક મીડિયા સમૂહ દ્વારા આયોજિત કાર્યક્રમમાં હિન્દુત્વ અને રાષ્ટ્રીય એકીકરણ વિષય પર બોલતા તેમણે આ વાત જણાવી. ઈજીજી પ્રમુખે કહ્યું કે ધર્મ સંસદમાં અપાયેલા નિવેદનો હિન્દુઓના શબ્દ નહતા. જો હું કઈ પણ ગુસ્સામાં બોલું તો તે હિન્દુત્વ નથી. તેમણે વધુમાં કહ્યું કે એટલે સુધી કે વીર સાવરકરે કહ્યું હતું કે જો હિન્દુ સમુદાય એકજૂથ અને સંગઠિત થઈ જાય તો તેઓ ભાગવત ગીતા વિશે બોલશે, કોઈને ખતમ કરવા કે તેને નુકસાન પહોંચાડવા વિશે નહીં બોલે. દેશને હિન્દુ રાષ્ટ્ર બનાવવાના રસ્તે ચાલવા વિશે

● અનુસંધાન પાન-૭ પર

## ૧ ઉમીએ આકાશમાં અદભૂત નજારો

**અંતરિક્ષ પર નજર રાખનારા સાયન્ટીસ્ટે કહ્યું : આકાશમાં આ દિવસે શુક્ર તેમજ મંગળનું મિલન થશે**

નવી દિલ્હી,તા.૭

અવકાશની દુનિયા અત્યંત અનોખી અને ખૂબ મનમોહક છે. ઘણી વખત અંતરિક્ષમાં એવી વસ્તુઓ જોવા મળે છે કે તેના પર વિશ્વાસ કરવો મુશ્કેલ હોય છે. હવે ૧૩ ફેબ્રુઆરીએ આકાશમાં એક એવું દ્રશ્ય જોવા મળશે જેની ઘણા લોકો રાહ જોઈ રહ્યા છે. આ દિવસે આકાશમાં શુક્ર અને મંગળની મુલાકાત થશે. આ મુલાકાત એકદમ અનોખી અને અત્યંત દુર્લભ છે. સૌથી મહત્વની વાત એ છે કે, તેને જોવા માટે તમારે ટેલિસ્કોપની જરૂર નહીં પડે. તમે તેને નરી આંખે પણ જોઈ શકશો. ચાલો તમને જણાવીએ કે આકાશમાં ઘણા તારાઓ વચ્ચે આ બંને ગ્રહોને કેવી રીતે ઓળખવામાં આવશે? ખગોળશાસ્ત્રીઓની ભાષામાં તેને સંયોજન કહેવામાં આવે છે. તે આકાશમાંથી રાત્રે ૯:૩૮ વાગ્યે જોઈ શકાશે. ૅહ્રીજીઅ.ષ્ત્રિ નામની સાઈટ આવી ક્ષણોને ભેગી કરે છે. તે નાસાની જેટ પ્રોપલ્શન લેબોરેટરીમાં જાહેર ડેટાની મદદથી ગ્રહોની સ્થિતિનું નિરીક્ષણ કરે છે. આમાં જાણવા મળ્યું કે ૧૩ ફેબ્રુઆરીના રોજ આકાશમાં આવો નજારો જોવા મળશે. હવે સવાલ એ ઉભો થાય છે કે, આકાશમાં ચમકતા આટલા નક્ષત્રોમાં શિકાર અને મંગળની ઓળખ કેવી રીતે થશે. તો ચાલો તમને જવાબ પણ આપીએ. આ મિલન દરમિયાન મંગળ એકદમ તેજસ્વી રહેશે. આ ઉપરાંત બંને ગ્રહો દક્ષિણ દિશામાં એકબીજાને વળગી રહેતા જોવા મળશે. તેઓ એટલા તેજસ્વી હશે કે તેમને જોવા માટે તમારે ટેલિસ્કોપની જરૂર નહીં પડે. તમે તેને ટેલિસ્કોપ વગર નરી આંખે જોઈ શકશો. તે પછી પણ જો તમે તેમને ઓળખી શકતા નથી, તો તમારા માટે એન્ડ્રોઈડ અને આઈફોન માટેની એપ્સ પણ છે.

● અનુસંધાન પાન-૭ પર

જાહેર આમંત્રણ

શ્રી કન્હૈયાલાલજી મહારાજ દ્વારા સંચાલિત

નેપાળ યાત્રા પ્રવાસ

યાત્રા પ્રારંભ : તા. ૧૬-૦૬-૨૦૨૨ યાત્રા વિરામ : ૨૯-૦૬-૨૦૨૨

દાર્શનિક સ્થળ

અયોધ્યા, છપૈયા, નંદીગ્રામ, સીતામઢી, જનકપુર, સીતારામ વિવાહ મંડપ, જાનકી મહેલ, પ્રેમ સરોવર, મણીમંડળ, જનક તપસ્થલી, પોખરા, કાઠમંડુ, ભગવાનપુરા, મનોકામના, લુંબીની, ગોરખપુર

● યાત્રાના ખર્ચ પેટે વ્યક્તિ દીઠ રૂા. ૧૫,૦૦૦/- નોન એ.સી. ટ્રેન ટિકીટ ● એ.સી. ટ્રેન ટિકીટ અને એ.સી. રૂમ માટે વધારાની રકમ ચુકવવાની રહેશે. ● તા. ૧૬/૦૨/૨૦૨૨ ના રોજ ટિકીટોનું બુકિંગ કરવાનું હોય તા. ૧૪/૦૨/૨૦૨૨ સુધી રૂા. ૭,૦૦૦/- એડવાન્સ જમા કરાવી નામ રજીસ્ટર્ડ કરાવવાનું રહેશે.

વધુ વિગત માટે : ઉંકાર ગ્રાફિક્સ એન્ડ ઝેરોક્ષ , બી-૫, શાલિન કોમ્પ્લેક્ષના ભોંયરામાં, ૧૭/૨૨, બસ સ્ટેન્ડ પાસે, સેક્ટર-૨૨, ગાંધીનગર.
કનૈયાલાલ પંડ્યા - ૯૪૨૮૨ ૧૭૫૫૭, નટુભા જાડેજા - ૯૩૨૭૧ ૫૯૯૯૮